Letter No: WCDD/0109/08/2023 Dt: 29-08-2023

બઢતી માટેની સામાન્ય ખાતાકીય પરીક્ષાના નિયમોના નિમ્નશ્રેણી અને ઉચ્ચશ્રેણીની ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્ર-૫નો અભ્યાસક્રમ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2023/0092/B1

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) સા.વ.વિ ના તા.૩૧/૦૩/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૧૫/12-એ/ખતપ/૧૦૨૦૧૪/૧૫૦૯/ક,

ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સામાન્ય વહિવટ વિભાગના તા.૩૧/૦૩/૨૦૧૫ના જાહેરનામાંથી ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) ખાતાકીય પરીક્ષા (સામાન્ય) નિયમો ૨૦૧૫ ઘડવામાં આવેલ છે. સદર જાહેરનામાથી સચિવાલયના તમામ વિભાગ હસ્તકની કચેરીના જુનિયર ક્લાર્કના સંવર્ગમાંથી સિનિયર ક્લાર્કના સંવર્ગમાં અને સિનિયર ક્લાર્કના સંવર્ગમાંથી હેડ ક્લાર્કના સંવર્ગમાં બઢતી માટેના ખાતાકીય પરીક્ષાના નિયમો તથા પ્રશ્નપત્ર-૧ થી ૪ નો અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ છે. ઉક્ત જાહેરનામા અન્વયે જુનિયર ક્લાર્કમાંથી સિનિયર ક્લાર્કના સંવર્ગમાં બઢતી માટે નિમ્ન શ્રેણી તથા સિનિયર ક્લાર્કમાંથી હેડ ક્લાર્કના સંવર્ગમાં બઢતી માટે ઉચ્ચ શ્રેણીની ખાતાકિય પરીક્ષા માટે પ્રશ્નપત્ર ૧ થી ૪ નો એક સામાન્ય અભ્યાસક્રમ નિયત કરવામાં આવેલ છે. તથા, પ્રશ્નપત્ર-૫ માટેનો અભ્યાસક્રમ સંબંધિત વિભાગે સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં તૈયાર કરવાનુ નિયત થયેલ છે, જે વિભાગની વિચારણા હેઠળ હતુ.

આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે ઉપર વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના સામાન્ય વહિવટ વિભાગના તા.૩૧/૦૩/૨૦૧૫ના જાહેરનામાંથી ઘડાયેલ ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) ખાતાકીય પરીક્ષા (સામાન્ય) નિયમો હેઠળના એપેન્ડીક્ષ-બી ના ભાગ-૧ અને ભાગ-૨ ના કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી (આઇસીડીએસ)ના કર્મચારીઓ માટે પ્રશ્નપત્ર-૫ નો અભ્યાસક્રમ નીચે પ્રમાણે નિયત કરવામાં આવે છે.

૧) જુનિયર કારકુનમાંથી સિનિયર કારકુનની જગ્યાએ બઢતી માટે નિમ્ન સ્તર ખાતાકીય પરીક્ષા (Lower level Departmental Exam) ના પ્રશ્નપત્ર-૫ ના અભ્યાસક્રમ આ સાથે રાખેલ એનેક્ષર-એ મુજબનો રહેશે.

૨) સિનિયર કારકુનમાંથી હેડ કારકુનની જગ્યાએ બઢતી માટે ઉચ્ચસ્તર ખાતાકીય પરીક્ષા (HIgher level Departmental Exam) ના પ્રશ્નપત્ર-૫ ના અભ્યાસક્રમ આ સાથે રાખેલ એનેક્ષર-બી મુજબનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરસામાન્ય વહીવટ વિભાગની તા.૦૭/૦૮/૨૦૨૩ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે.આઇ.લેઉવા)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
7. સેકશન અધિકારીશ્રી(ક-શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8. સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.08.29
15:56:54 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**એનેક્ષર-એ**

**મહિલા અને બાળ વિકાસ ખાતાના જુનિયર ક્લાર્કમાંથી સિનિયર ક્લાર્કનીજગ્યાએ બઢતી માટે નિમ્ન સ્તરની ખાતાકીય પરીક્ષાનો અભ્યાસક્રમ**

**કુલ ગુણ:૧૦૦**
**સમય:૨ કલાક**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | આંગણવાડી કાર્યકરમાંથી મુખ્યસેવિકા, વર્ગ-૩ સંવર્ગમાં સીધી પસંદગી અંગેની કાર્યપ્રણાલી નક્કી કરવા બાબત.(તા.૧૧/૦૩/૨૦૨૨ નો ઠરાવ) | ૧૦ |
| ૨ | બાલશક્તિ પ્લસ, માતૃશક્તિ પ્લસ (રસાયણ ચુર્ણ), અને માતૃશક્તિ પ્લસ (કાટલૂં) (૨૬-૦૪-૨૦૨૧ નો ઠરાવ) | ૫ |
| ૩ | મુખ્યમંત્રી માતૃ શક્તિ યોજના (તા.૧૫/૦૬/૨૦૨૨ ઠરાવ) | ૧૦ |
| ૪ | પૂર્ણા યોજનાનો હેતુ અને લક્ષિત જુથ, પૂર્ણા યોજના અંતર્ગત અપાતી સેવાઓ અને પૂર્ણા યોજનાની સેવાનું માળખું – ભુમિકા અને જવાબદારી (માર્ગદર્શિકા) | ૨૦ |
| ૫ | આંગણવાડી કેન્દ્રોના મકાન રિપેરિંગ અને અપગ્રેડેશન (તા.૧૮/૦૭/૨૦૧૩ નો પરિપત્ર) | ૫ |
| ૬ | ગુજરાત રાજ્યનો આંગણવાડી માટે પ્રારંભિક બાળ સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ-નો અભ્યાસક્રમ – ૨૦૧૬ (ભાગ-૧) | ૩૦ |
| ૭ | આંગણવાડી કાર્યકાર/તેડાગરના પસંદગીના ધોરણો, નિયમો અને શિસ્ત બાબતનો ઠરાવ (તા.૨૫/૧૧/૨૦૧૯નો ઠરાવ) | ૧૩ |
| ૮ | સ્પોટ ફિડીંગ યોજના (૧૪-૦૬-૨૦૨૨ નો પરિપત્ર) | ૭ |
| | **કુલ ગુણ** | **૧૦૦** |

## એનેક્ષર-બી

| | | |
|---|---|---|
| મહિલા અને બાળ વિકાસ ખાતાના સિનિયર ક્લાર્કમાંથી હેડ ક્લાર્કનીજગ્યાએ બઢતી માટે ઉચ્ચસ્તરની ખાતાકીય પરીક્ષાનો અભ્યાસક્રમ | | |
| | | કુલ ગુણ:૧૦૦<br>સમય:૨ કલાક |
| ક્રમ | વિષય | ગુણ |
| ૧ | પૂર્ણા યોજનાનો હેતુ અને લક્ષિત જુથ, પૂર્ણા યોજના અંતર્ગત અપાતી સેવાઓ અને પૂર્ણા યોજનાની સેવાનું માળખું – ભુમિકા અને જવાબદારી (માર્ગદર્શિકા) | ૨૦ |
| ૨ | આંગણવાડી કાર્યકાર/તેડાગર અને મુખ્યસેવિકાઓના માતા યશોદા એવોર્ડ માટે પસંદગીના માપદંડ અને પદ્ધતિ (તા.૧૯/૦૮/૨૦૨૦ નો ઠરાવ) | ૫ |
| ૩ | આંગણવાડી કાર્યકર/હેલ્પર માટેની વીમા યોજના(માતા યશોદા ગૌરવ નિધિ) (તા.૨૩/૦૧/૨૦૦૯, તા.૨૬/૦૨/૨૦૦૯ અને તા.૦૪/૦૩/૨૦૦૯ નો ઠરાવ) | ૮ |
| ૪ | આઇસીડીએસ અંતર્ગત રાજ્યના આંગણવાડી કેન્દ્રમાં વીજબીલની ચૂકવણી (તા.૧૧/૦૪/૨૦૧૮ અને તા.૦૭/૦૨/૨૦૧૯ નો ઠરાવ) | ૫ |
| ૫ | ચાર મંગળદિવસની ઉજવણી (૧૩-૦૮-૨૦૧૮ નો ઠરાવ) | ૫ |
| ૬ | મનરેગા હેઠળ આંગણવાડી કેન્દ્રનું બાંધકામ (તા.૧૬/૧૦/૨૦૧૮ અને તા.૦૨/૧૨/૨૦૧૯ નો ઠરાવ) | ૫ |
| ૭ | આઇસીડીએસ યોજના હેઠળ આગણવાડી બાંધકામ/માળખાકીય સુવિધાઓમાં નાણાંકીય સુધારા બાબત (તા.૦૨/૦૨/૨૦૧૮ નો ઠરાવ) | ૫ |
| ૮ | પૂરક પોષણનું પ્રમાણ અને તેના નાણાકીય ધોરણો (૧૭-૧૦-૨૦૧૯ પરિપત્ર) | ૧૦ |
| ૯ | સ્પોટ ફિડીંગ યોજના (૧૪-૦૬-૨૦૨૨ નો પરિપત્ર) | ૭ |
| ૧૦ | ગુજરાત રાજ્યનો આંગણવાડી માટે પ્રારંભિક બાળ સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ-નો અભ્યાસક્રમ – ૨૦૧૬ (ભાગ-૨) | ૩૦ |
| કુલ ગુણ | | ૧૦૦ |

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.08.29
15:56:54 +05:30

File No: WCDD/DRA/e-file/23/2023/0092/B1 Branch
Approved By: K K Nirala(Secretary,WCDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*